ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

મીનાબેન ભૂપેન્દ્રકુમાર શાહ
ટ્રસ્ટી, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર
ઉપપ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ અને સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર

ઝેડ. એમ. પટેલ
મો. ૯૯૭૮૪ ૦૬૪૭૭

દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૩ ૫૪૪૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટમાં એન્જિનનો હૅન્ડસ-ઓન પ્રેક્ટિકલ વર્કશોપ

શ્રીસ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી.ભાટ કોલેજ દ્વારા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓમાં એન્જિનીયરિંગ અંગેની જાત અનુભવથી જાણકારી મેળવે તે માટે ''આઇ.સી. એન્જિન અને એર-કુલર''નો પ્રેક્ટિકલ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપમાં વિદ્યાર્થીઓએ પેટ્રોલ એન્જિન કઈ રીતે કામ કરે તે જાણ્યું હતું અને જાતે એન્જિન ખોલી , દરેક પાર્ટસ વિષે સમજી અને એન્જિનના ઓપરેશન ને સમજ્યા હતા. આ જ રીતે ઘરની વેસ્ટ વસ્તુમાંથી નાનું પોર્ટબલ કૂલર બનાવતાં નિષ્ણાતો દ્વારા શિખવવામાં આવ્યું હતું. સંસ્થાનાં નિષ્ણાત પ્રોફેસર શ્રી બ્રીજેશ પોકર અને શ્રી નિતિન પંચાલ સાહેબે પ્રેક્ટિકલ ઉદાહરણ સાથે આજના સમયમાં મિકેનિકલ એન્જિનીયરિંગના સ્ટાર્ટ-અપ પ્રોજેક્ટ અને સ્કિલ ડેવલપમેંટ માટે હેન્ડ્સ-ઓન પ્રેક્ટિસ ખૂબ જરૂરી છે. જી.ટી.યુ. દ્વારા ખાસ ડીઝાઇન એન્જિનીયરિંગ વિષય દરેક સેમિસ્ટરમાં રાખેલ છે. કોલેજમાં મકેર્સ લેબમાં સ્ટુડન્ટ્સ એન્જિનના ઓપરેશન સમજવા જાતે પાર્ટસ ખોલી અંદ ફીટ કરતાં શીખે છે. આ વિષય ખાસ ભારતમાં ઉદ્યોગનો વિકાસ અને મેક ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ સફળ થાય અને નવયુવાન જો સ્કીલ શીખે તો અનેરી તક મળે તે માટે કરેલ છે. સંસ્થા ના ડિરેક્ટર શ્રી ધર્મેશ વંડરા દ્વારા જણાવેલ કે આ વર્કશોપમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ ભાગ લીધો હતો. વિવિધ પ્રેક્ટિકલ એક્ટિવિટી દ્વારા એક નવી પ્રોડક્ટ બનાવવામાં ડીઝાઇન એન્જિનીયરિંગ કઈ રીતે મદદરૂપ થાય તે વિશે માહિતગાર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્થા પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત ભણવાનું છોડી ચૂક્યા હોય તેવા યુવાનો માટે સ્કીલ કોર્સ તૈયાર કરી તેમની નોકરી કે ધંધા માટે પ્રયત્નો કરે છે.

સર્વગ્રાહી વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૧૬

નીતિ આયોગ દ્વારા સર્વગ્રાહી વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત સૌથી પહેલા ક્રમે આવ્યુ છે. જયારે ઝારખંડનું વોટર મેનેજમેન્ટ નબળુ સાબિત થયુ છે. વિવિધ ૨૮ પ્રકારના માપદંડ ધ્યાનમાં લઈને ભારતમાં આ પ્રકારનો રિપોર્ટ પ્રથમવાર તૈયાર કરવામાં આવ્યો છે.

આ લિસ્ટ વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષની સ્થિતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયું છે અને રિપોર્ટને 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' એવું નામ અપાયું છે. રિપોર્ટમાં ભારત અત્યારે ઈતિહાસની સૌથી ઘાતક જળ કટોકટીનો સામનો કરી રહ્યો હોવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

રિપોર્ટમાં કહેવાયુ છે કે અત્યારે ભારતમાં ૬૦ કરોડ લોકોને પાણીની અછતનો સામનો કરવો પડે છે. તો વળી વર્ષે ૨ લાખ લોકો શુદ્ધ પાણી ન મળવાને કારણે મૃત્યુ પામે છે. જો આ દિશામાં નક્કર પગલાં ભરવામાં નહી આવે તો સ્થિતિ વધારે ખરાબ થશે.

મહિલાઓના સશક્તિકરણ માટે ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા કાર્ય વિસ્તાર

ગાંધીનગર, તા. ૧૬

અંતરિયાળ ગામોમાં વિદ્યાર્થિનીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા તેમજ મહિલાઓના સશક્તિકરણ માટે તેમને આરોગ્ય અંગે જાગૃત કરવા અને સેનેટરી પેડ્ઝનો ઉપયોગ કરતાં કરવા એ જરૂરી છે. આ જ દિશામાં ઉત્કર્ષ ટ્રસ્ટ કામ કરી રહ્યું છે. તેમાં હવે આગળ વધીને તેઓ વધુ પાંચ ગામોમાં આ પ્રવૃત્તિ શરૂ કરવા જઈ રહ્યા છે, જેનાથી લગભગ ૫૦૦ મહિલોનું સશક્તિકરણ થશે. તેના માટે સરકારી વિભાગો અને વિવિધ ગામમાં કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓને એક મંચ પર લાવવાનું કામ ઉત્કર્ષ ધ ઓનર કોડ દ્વારા કરવામાં આવ્યું. જે અંતર્ગત ગુરુવારે એચ.કે. ઓડિટોરિયમ ખાતે એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'મુગ્ધા' મેન્સ્ટ્રુઅલ હેલ્થ અંગે માહિતી આપતી માર્ગદર્શિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે વાત કરતાં સંસ્થાના ચેરપર્સન રેખાબેન અધ્વર્યુએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં ધોળકા એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૩ શાળા અને ૧ કોલેજ, બિહોડા ગામમાં કસ્તુરબા ગામ રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, પંચમહાલ જિલ્લાનું કંકણપુર ગામ, દહેગામ કન્યા શાળા, મહેમદાવાદ અને આણંદના ઝગડિયા ગામથી આ પ્રોજેક્ટની શરૂઆત કરીશુ. ઉત્કર્ષ ટ્રસ્ટના આ પ્રોજેક્ટને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન, સેન્ટર ફોર આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ, ખાદી વિલેજ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ કમિશન, નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ તેમજ ઓએનજીસી જેવી સંસ્થાઓ વિવિધ રીતે મદદ કરી રહી છે. આ સંસ્થાઓ તેમજ કચેરીઓના પ્રતિનિધિઓનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શહેરના પ્રથમ મહિલા મેયર રહી ચુકેલા તેમજ હાલના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ ભાવનાબેન દવે તેમજ વાઘબકરી ટી ગ્રૂપના ચેરમેન પીયૂષભાઇ દેસાઈ હાજર રહ્યા હતાં. ભાવનાબેને જણાવ્યું હતું કે, ઉત્કર્ષ એટલે જેનું ઉર્ધ્વગમન થાય એ. નેશનલ ફર્ટિલાઇઝર લિમિટેડના સીએસઆર અંતર્ગત આ સંસ્થાને અનુદાનની મદદ કરવાની પણ જાહેરાત કરી હતી.

હવે ફેસબુક,વૉટ્સએપ અને સ્કાઈપ દ્વારા અદાલતમાં જુબાની આપી શકાશે

ચંડીગઢ,તા.૧૬

હવે ફેસબુક, વોટસઅપ અને સ્કાઈપ દ્વારા પણ અદાલતોમાં જુબાની આપી શકાશે.પંજાબ તથા હરિયાણા હાઈકોર્ટે ન્યાય પ્રક્રિયામાં ટેક્નોલોજીના પ્રયોગની દિશામાં એક પગલુ ભર્યુ છે. હાઈકોર્ટે ફેસબુક,વોટસઅપ કે સ્કાઈપ જેવી વિડિયો ચેટ એપ્લિકેશનના માધ્યમથી અદાલતમાં જુબાની આપવાની મંજૂરી આપી દીધી છે.આ પહેલા વર્ષ ૨૦૧૫માં હાઈકોર્ટના જસ્ટિસ કે કન્નની બેંચે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જુબાની આપવાની મંજૂરી આપી દીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વોટસઅપ કે સ્કાઈપના માધ્યમથી જુબાની આપવાની મંજુરી અમેરિકામાં રહી રહેલ સુચ્ચા સિંહને મળી છે. આ પહેલા તેને જ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જુબાની આપવાની છુટ તેમને જ મળી હતી. તકલીફ એ થઈ છે કે અમેરિકા અને ભારતના સમયમાં અંદાજે ૧૨ કલાકનુ અંતર હોવાના કારણે સુચ્ચા સિંહ કોઈ જાહેર કાર્યાલયથી ભારતીય અદાલતમાં સમયસર જુબાની આપી શકતા ન હતા. તેથી તેમને વોટસઅપ કે સ્કાઈપના માધ્યમથી જુબાની આપવાની મંજુરી માટે અરજી કરી હતી. જેને જસ્ટીસ કુલદીપ સિંહની બેંચે સ્વિકારી લીધી છે. જસ્ટિસ કુલદિપ સિંહે કહ્યુ કે જ્યારે ભારતમાંદિવસ હોય છે તો અમેરિકામાં રાત હોય છે જેથી અરજી કરનારને રાતના સમયે કોઈ જાહેર કાર્યાલયથી વિડિયો કોન્ફરન્સ કરવાની મંજૂરી મળવી મુશ્કેલ છે. જેથી અરજદાર તેની સુવિધાનુસાર ફેસબુક,વોટસઅપ, સ્કાઈપ જેવી વિડિયો ચેટિંગ એપ્લિકેશનથી જુબાની આપી શકે છે.

સરકારનું સ્વૈચ્છિક રક્તદાન અભિયાન ૭૬૫૪ યુનિટ જેટલું બ્લડ એકત્ર થયું

ગાંધીનગર, તા.૧૬

લોહીની અછત સર્જાતા રાજ્ય સરકારના હેલ્થ વિભાગે ૧૪મી જૂન 'વર્લ્ડ બ્લડ ડોનર ડે' નિમિત્તે ૩૩ જિલ્લા અને ૮ મહાનગર પાલિકામાં સ્વૈચ્છિક રક્તદાન માટેનું અભિયાન હાથ ધર્યું હતું. જેમાં લોકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. ગુરૂવારે રાજયમાં જુદાજુદા ૧૭૬ સ્થળો પર સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયા હતા જેમાં ૭૬૫૪ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા આ વર્ષથી એક નવિન પહેલ હાથ ધરવામાં આવી છે. જેમાં રાજયના દરેક જિલ્લામાં દર મહિનાની ૧૪મી તારીખે કલેક્ટરની દેખરેખ હેઠળ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજવા આયોજન કરવામાં આવ્યું છે.

૧૪મી જુલાઈ 'વર્લ્ડ બ્લડ ડોનર ડે' નિમિત્તે રાજયના આરોગ્ય વિભાગ, ઈન્ડિયન સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફ્યૂઝન એન્ડ ઈમ્યુનોહેમેટોલોજીસ્ટ (ISBTI), ગુજરાત કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્લૂઝન (GSCBT), ગુજરાત સ્ટેટ એડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સહિતની સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન પ્રોગ્રામને વેગ મળે તે હેતુથી એક સાથે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, રાજ્યની માન્યતા પ્રાપ્ત ૧૪૦થી વધુ બ્લડ બેંકમાં ઉનાળા દરમિયાન લોહીની ભારે અછત સર્જાઈ હતી. એક અંદાજ મુજબ જે બ્લડ બેંકમાં દરરોજ ૧૦૦થી ૧૨૫ યુનિટ બ્લડ એકત્ર થતું હતું એ બ્લડ બેંકમાં બ્લડનું કલેક્શન ૨૫ ઉપર પહોંચ્યું હતું. આ કારણે સ્થિત ભારે ગંભીર બની હતી. ખાસ કરીને થેલેસેમિયાના બાળકોને નિયમિત બ્લડ ચઢાવવાની જરૂર પડતી હોય છે તેમના માટે બ્લડ બેંકે પુરતી માત્રામાં બ્લડ કલેક્શન કરવું અત્યંત આવશ્યક હોય છે.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ જિલ્લા બ્રાન્ચ દ્વારા પોલીસના સહયોગથી ૧૩૫૬ યુનિટ બ્લડ એકત્ર કર્યું હતું. પોલીસ વિભાગ દ્વારા આગામી ૧૨ મહિનામાં વધુ ૩ હજાર જેટલા યુનિટ બ્લડ એકત્ર કરવાની જવાબદારી સ્વીકારતા રાજ્યપાલ દ્વારા પોલીસ કમિશનરનું જાહેર સન્માન પણ કરવામાં આવ્યું હતું.

ઈલેક્ટ્રિક વ્હીકલ્સના કારણે વીજ કંપનીઓને ૭૩ હજાર કરોડની વધારાની આવક થશે

ન્યુ દિલ્હી, તા.૧૬

ભારતમાં ૨૦૩૦ સુધીમાં મોટાપાયે ઈલેક્ટ્રિક વ્હીકલ્સ અપનાવવાથી વીજળીની માગ ૬૯.૬ ટેરાવોટ પર પહોંચવાનું અનુમાન છે. આ કારણે વીજળી કંપનીઓને ૧૧ અબજ ડોલરની

વધારે કમાણી કરવામાં મદદ પ્રાપ્ત થશે. એસોચેમ અને ઈએન્ડવાઈ એલએલપીના એક સંયુક્ત રીપોર્ટમાં આ જાણકારી સામે આવી છે.

રિપોર્ટ અનુસાર રોડ પર ઈલેક્ટ્રિક વ્હીકલ્સ વધવાથી દેશના પાવર સેક્ટર માટે મોટો બદલાવ થશે અને આનાથી ઈમિશનમાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો થશે. સાથે જ ભારતને કાર્બન ઈમિશન કપાતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ પ્રાપ્ત થશે. મોટી માત્રામાં ઈલેકટ્રિક મોબિલિટી શરૂ થવાથી વીજળી અને યૂટિલિટી સેક્ટરને માગ અને પુરવઠો એમ બન્ને બાજુથી ખર્ચ ઓછો થશે અને રેવન્યૂનો ફાયદો પણ થશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૩૦ સુધી ઈલેકટ્રિક વ્હીકલ્સને લઈને ઈમિશનમાં ૪૦ થી ૫૦ ટકા ઘટાડાની આશા છે. જો કે એ વાત એવી પણ કહેવાઈ રહી છે કે જો ગ્રિડની વીજળી કોલસા આધારિત રહેશે તો ઈમિશનમાં કપાત ૨૦ થી ૩૦ ટકા જ રહી શકે છે.

રિપોર્ટમાં એ વાત પર ફોકસ કરવામાં આવ્યું છે કે દેશના પાવર અને યૂટિલિટી સેક્ટરમાં ટ્રાંસફોર્મેશન તેજીથી ચાલી રહ્યું છે. આયાત કરવામાં આવેલા કોલસા પરની નિર્ભરતા દિવસેને દિવસે ઓછી થઈ રહી છે અને રિન્યૂએબલ્સ પર નિર્ભરતા વધી રહી છે. એ પણ સૂચન આપવામાં આવ્યું છે કે દેશભરમાં તમામ ચાર્જિંગ સ્ટેશન્સ પર એક નેશનલ રેગ્યુલેટેડ રેટ જાહેર કરવામાં આવશે. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સરકાર ઈલેકટ્રિક વ્હીકલ્સ ડ્રાઈવને વેગ આપવા માટે સરકાર નીતિગત બદલાવ તેજીથી કરશે અને રેગ્યુલેટરી ચેલેન્જને દૂર કરવા માટે ઝડપથી પગલાં ભરશે.

૧૯મીએ અમદાવાદથી ભારત-પાકિસ્તાન મૈત્રી અને શાંતિ યાત્રા

ગાંધીનગર, તા.૧૬

જો સરકારો બંને દેશો વચ્ચેના વિવાદને ઉકેલવામાં નિષ્ફળ જઈ રહી હોય તો એ બાબતે લોકોએ પહેલ કરવાની જરૂર છે. જો બંને દેશો વચ્ચેના લોકોને એકબીજા સાથે મળવાની છૂટ હોય તો સમયાંતરે શાંતિ અને મૈત્રી સ્થપાશે. એ માટે સરકારોને વિનંતી કરવી જોઈએ કે બંને બાજુના સામાન્ય લોકોને સરળતાથી વિસા અને પાસપોર્ટ મેળવવાની સુવિધા કરી આપી એકબીજાને મળવાનું સુગમ કરી આપે. સરહદની બંને બાજુના લોકો એક સમાન સંસ્કૃતિ ધરાવે છે તેથી જ્યાં સરકાર નિષ્ફળ ગઈ છે ત્યાં તેઓ અગત્યની ભૂમિકા ભજવી શકે તેમ છે.

આવી માન્યતા ધરાવતા કેટલાક સમાજચિંતકો દ્વારા ભારત-પાકિસ્તાન શાંતિયાત્રાનું આયોજન ૧૯ જૂનથી કરવામાં આવ્યું છે.

અમદાવાદ, ગાંધી આશ્રમથી આરંભાશે અને ૨૯૦ કિમીનું અંતર કાપી આ યાત્રા પાકિસ્તાન સરહદે નાદેશ્વરી માતા સ્થાનક સુધી પહોંચશે અને પાકિસ્તાનના નગરપારકર શહેર સુધી પહોંચશે. ૩૦ જૂન સુધી આ યાત્રા કાયમ રહેશે.

૧૯૪૭માં વિદેશી શાસકો દ્વારા 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી દેશનું વિભાજન કરવામાં આવ્યું જેનો શિકાર ધાર્મિક કટ્ટરવાદીઓ બન્યા. ત્યારથી માંડી ભારત અને પાકિસ્તાનનો ઈતિહાસ જટિલ અને બંને દેશ વચ્ચેના સંબંધ વણસેલા રહ્યા છે તે એટલી હદે કે તે કેટલીક વાર યુદ્ધ અને પ્રચંડ હિંસામાં પણ પરિણમ્યા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર શ્રીનગર અને કાશ્મીરના મુઝફ્ફરાબાદ, પંજાબમાં વાઘા-અટારી અને રાજસ્થાન-સિંધમાં મુનાબાઓ-ખોકરાપાર વચ્ચે માર્ગો છે. બંને દેશોના ઘણા માછીમારો સામસામા દેશની જેલોમાં જઈ પટકાતા હોવા છતાં ગુજરાતમાંથી પાકિસ્તાન જવા માટે કોઈ માર્ગ નથી. કચ્છના ભુજમાં સરહદ પારના લોકો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો હતા, જો તેને ફરી તક આપવામાં આવે તો બંને વિસ્તારો વચ્ચે વ્યાપારી સંબંધોનો પણ વિકાસ થઇ શકે. જો ગુજરાત અને સિંધ વચ્ચે ખવડા અથવા નડાબેટ પાસે સરહદ ખુલ્લી કરવામાં આવે તો બંને દેશ વચ્ચેના લોકો સહેલાઈથી એકબીજાને મળી શકશે જેના પરિણામે વહેપાર અને પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને અંતે શાંતિ અને મૈત્રી સ્થાપવામાં તે મદદરૂપ થશે. જેલમાં પકડાઈ ગયેલાં માછીમારોના પરિવારજનો સરળતાથી બંને તરફ જઈ શકશે અને તેમની ભાળ લઈ શકશે તેમજ તેમને છોડાવવા માટે પણ પ્રયાસ કરી શકશે. સરહદને ખુલ્લી મુકવી તે સામાન્ય માણસોના હિતની વાત છે. જો બંને દેશોના લોકો સરળતાથી મળી શકશે તો શાંતિ અને સંવાદિતાનું વાતાવરણ સર્જાશે જેમાં આગળના વિવાદોનો ઉકેલ લાવવાનું પણ સરળ બનશે. આમ કરવાથી સંરક્ષણ પાછળ થતા ખર્ચમાં ઘટાડો થશે અને તે ભંડોળનો ઉપયોગ વિકાસને લગતા કાર્યોમાં કરી શકાશે જેનો ફાયદો બંને બાજુના ગરીબ લોકોને થશે. જો બે કોરિયા કે જેમની વચ્ચેની દુશ્મની ભારત-પાકિસ્તાનના દુશ્મનીભર્યા સંબંધો જેટલી જ જૂની હોવા છતાં તેઓ તેનો અંત લાવી શકતા હોય તો તેમના આ દક્ષિણ એશીયાઈ પાડોશી દેશો પણ તેવું જ કેમ ન કરી શકે ? વાઘા-અટારી સરહદ ઉપર રોજ સાંજે લશ્કર વિધિ હોય છે તેને બદલે બંને દેશના લોકોને મળવાની પરવાનગી આપી શાંતિ વિધિ કરવામાં આવે એવી વિનંતી બંને દેશોની સરકારોને આ યાત્રાના માધ્યમથી કરવામાં આવશે.

આ યાત્રાઅંગેની વધુ જાણકારી માટે સંજય-તુલા, મહેસાણા (૯૪૨૬૩૮૮૨૩૪), કૌશર અલી સૈયદ, અમદાવાદ (૯૯૦૪૧ ૫૦૨૧૭), કલીમ સિદ્દીકી, અમદાવાદ (૯૨૭૬૮ ૪૮૫૪૯), મંઝીલ નાણાવટી, અમદાવાદ (૯૮૨૫૦ ૧૨૯૨૪) અથવા સંદીપ પાંડે, લખનૌ, (૦૭૯ ૬૬૩૨૪૯૫૩, ૦૫૨૨ ૪૨૪૨૮૩૦)નો સંપર્ક કરી શકાય છે.

'પાપા' કે પ્યાર મેં અસર બહુત હૈ

વેસ્ટ વર્જિનિયામાં ૧૯૦૭માં થયેલા માઈનિંગ અકસ્માતમાં ઘણા પરિવારોના મોભીઓએ જાન ગુમાવેલ. તેમના ગયા પછી તેમના કુટુંબ અને બાળકોના જીવનમાં પિતાના મહત્વ અને યોગદાનને સમજાવવા માટે 'ફાધર્સ ડે' મનાવવા પ્રેરિત કરવામાં આવ્યા. ત્યારબાદ માતાનું ઋણ અદા કરવા મે મહિનાના બીજા રવિવારને આપણે માતૃદિન ઉજવીએ છીએ તેમ પિતાનું ઋણ માતાની તોલે જ આવે અને આ ઋણ ન ભુલાય તે માટે જૂન મહિનાના ત્રીજા રવિવારને ફાધર્સ ડે ઉજવવામાં આવે છે. જેમણે મધર્સ ડે ઉજવણી શરૂ કરાવી એવા અન્ના જાર્વિસના કાર્યથી પ્રભાવિત એવી સોનોરા સ્માર્ટ ડોડ નામની એક મહિલા કે જેના છ ભાઈ- બહેનોને તેના પિતાએ માતાના મૃત્યુ બાદ એકલે હાથે ઉછેર્યા તેનો આભાર વ્યક્ત કરવા પહેલો ફાધર્સ ડે વૉશિંગ્ટન્માં ૧૯મી જુન, ૧૯૧૦માં ઉજવવામાં આવ્યો હતો. ૧૯૭૨માં અમેરિકન રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સનએ એક કાયદો જાહેર કર્યો હતો અને જૂન મહિનાના ત્રીજા રવિવારને ફાધર્સ ડે નિમિત્તે સત્તાવાર રીતે રાષ્ટ્રીય રજા જાહેર કરી.અને ત્યારબાદ આખા વિશ્વમાં તેની શરૂઆત થઈ.

જ્યારે ઈન્દિરાજી દસ વર્ષના હતાં મસૂરી ખાતે રહેતાં હતાં ત્યારે તેમના પિતા જવાહરલાલ નહેરુએ પુત્રી મોટી થઈ દુનિયાને એક મોટા કુટુંબની રીતે ઓળખે તેવી ઉમ્મીદ સાથે એકત્રીસ પત્રો તેમના પુસ્તક 'લેટર્સ ફ્રોમ એ ફાધર ટુ હિઝ ડોટર' માં છે. આમ, પિતા એ પોતાના બાળકોને વિશ્વ કલ્યાણનો માર્ગ દેખાડે છે. અને આમ, ઈન્દિરાજી મોટા થયા અને દેશના વડાપ્રધાન બન્યા. આમ, દિકરીને બહારની દુનિયાની ઓળખ

કરાવી. ઘરના ઉંબરાની બાહર પગ મુકતા અને આકાશમાં ઉડતા કોણ શીખવે...પિતા જ ને ?

ગાંધીજી કુટુંબવ્યવસ્થાને 'ઈશ્વરરચિત સંસ્થાન તરીકે ઓળખાવે છે. તેમણે તેમના પુત્રો અને પુત્રવધુઓને લખેલા પત્રોમાં એક પિતા તરીકે અપૂર્વ વાત્સલ્યની સાથોસાથ સ્વસ્થચિંતન સાથે પત્રો લખ્યા છે પણ ક્યાંય લાગણીવેડા નથી. તેમની દરેક પુત્રવધુને એક માતાની જેમ વાત્સલ્યથી આદર્શ ગૃહિણીના પાઠ શિખવ્યા છે. અને એક પિતા હોવા છતાં પણ શ્રીમંત કુટુંબની દિકરીને પણ મોટા ઘરને-આશ્રમને શોભે એ રીતે ગૃહસ્થાશ્રમમાં પળોટી છે. આમ, ગાંધીજીએ પિતા તરીકે પોતાના બાળકો અને કુટુંબને ધર્મ, આચાર, આહાર, શિક્ષણ, આરોગ્ય, અક્ષરસુધારણા, ખાદીનું કામ, જેલ જીવન જેવા વૈવિધ્યપૂર્ણ વિષયોનું જ્ઞાન આપી દુનિયામાં જીવવા સમર્થ બનાવ્યા હતાં. મહાત્માનું પિતા તરીકેની શિસ્ત સંતાનોને કડક લાગે છે પરંતુ સંતાન માટે એનું માર્ગદર્શન પણ જાણે દુર ઉભેલી દીવાદાંડી જેવું હતું.

પિતા બાળકોને ઊંડી સમજણ, વફાદારી , મજબૂતાઇ આપે છે. જે મુશ્કેલ સમયે બાળકને નિર્ભય, સશક્ત અને ટટ્ટાર રાખે છે. ઊંડા સ્નેહ અને સલામતીની ખાતરી આપે છે. મા એ ઘરનું ગૌરવ છે તો પિતા ઘરનું અસ્તિત્વ છે. માતા પાસે વિકટ પરિસ્થિતિનો સામનો કરવા ફક્ત અશ્રુધારા હોય છે જ્યારે પિતા પરિસ્થિતિ સામે સંયમપૂર્વક વર્તે છે. મોટા સંકટો વખતે સંતાનને પિતા જ યાદ આવે છે. પિતા એવા દિશા-નિર્દેશો આપે છે જેનાથી જીવનપથ સુગમ બનતો જાય છે. પિતા ઘણા મોરચે લડતા હોય છે પણ પોતાના બાળકો પ્રત્યે નાજૂક અહેસાસ પણ હોય છે. ક્યારેક કઠોર સચ્ચાઇ અને કોમળતા વચ્ચે સતુંલન સાધવા માટે સખતાઇનો આવરણ પણ ઓઢવું પડે છે. બાળકે મોટા થઇ બે વ્યક્તિઓનો ખ્યાલ રાખવો જોઇયે એક છે પિતા કે જેમણે તમારી જીત માટે બધી જ હાર માની છે અને માતા કે જેને તમારા બધા જ દુ:ખમાં યાદ કરી છે. ઘણા કિસ્સાઓમાં વ્યકિત નકામો હોય છે, જુગાર –દારૂની લતે ચઢેલો હોય, પરંતુ જ્યારે તે પિતા બને છે, ત્યારે તે પોતાના બાળક ઉપર એની ગંદી ટેવોની અસર ન પડે તે

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

માટે તે છોડી દે છે. પિતા જ વિશ્વનો એકમાત્ર વ્યક્તિ છે, જે ઇચ્છે છે કે તેમનું બાળક તેના કરતાં પણ વધુ વૃદ્ધિ પામે, તેના કરતાં વધુ કમાય. આ માટે તે સખત પ્રયત્નો કરે છે.

સમયના બદલાવની સાથે પિતાનું સ્વરૂપ પણ બદલાવા લાગ્યું છે. હંમેશા ગંભીર અને કઠોર દેખાવવાવાળા હવે બાળકો સાથે રમવા અને મસ્તી કરતા જોવા મળે છે. પરંતુ તેમના કર્તવ્યમાં કોઇ બદલાવ નથી આવ્યો. બદલાતા સમય અને કામની જરૂરિયાતોને કારણે, આપણે માતાપિતાથી દૂર થઈ ગયા છે, આવી સ્થિતિમાં, આપણે ઇચ્છીએ તો પણ તેમને સહારો કે તેમની એકલતા દૂર કરી શકતા નથી. ત્યારે તેમના પ્રત્યેની આપણી જવાબદારીઓને આંખ આડા કાન કરીએ છીએ. પણ ક્યાંક આપણા સંસ્કારો બગડ્યા છે તેને સુધારવાનો પ્રયત્ન કરવોએ ''ફાધર્સ ડે 'ને સાર્થકતા કહેવાશે.

મંઝિલ દૂર ઔર સફર બહુત હૈ, છોટે સી જિંદગી કી ફિકર બહુત હૈ. માર ડાલતી યે દુનિયા કબ કી હમેં, લેકિન 'પાપા' કે પ્યાર મેં અસર બહુત હૈ.



આ પણ જાણો

પરસેવામાં કોઈ ગંધ નથી હોતી, દુર્ગંધ શરીર પર રહેલા બેક્ટેરિયાને કારણે આવે છે.